# ગુજરાત જાહેર સેવા આયોગ

## Important Notice

## ( અગત્યની જાહેરાત )

### લેક્ચરર વર્ગ-૨ , ગુજરાત આયુર્વેદ સેવા ( જા.ક્ર. ૫૫/૨૦૧૭-૧૮ અને ૬૧/૨૦૧૭-૧૮ ) માટેની રૂબરૂ મુલાકાત મુલતવી રાખવા બાબત.

વ્યાખ્યાતા ( Lecturer) વર્ગ-૨, ગુજરાત આયુર્વેદ સેવા અંતર્ગત જા.ક્ર. ૫૫/૨૦૧૭-૧૮ " રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાન " તથા જા.ક્ર. ૬૧/૨૦૧૭-૧૮ " શલ્યતંત્ર" વિષયની જગ્યાઓ પર ભરતી માટે આયોગ દ્વારા તા. ૨૫.૦૫.૨૦૧૮ ના રોજ રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવેલ હતો.

| જા.ક્ર / વર્ષ | વિષય | તારીખ |
|---|---|---|
| ૫૫/૨૦૧૭-૧૮ | લેકચરર, રોગનિદાન અને વિકૃતિ વિજ્ઞાન, વર્ગ-૨ | ૧૯,૨૦ જૂન ૨૦૧૮ |
| ૬૧/૨૦૧૭-૧૮ | લેકચરર, શલ્યતંત્ર, વર્ગ-૨ | ૨૦,૨૧ જૂન ૨૦૧૮ |

વ્યાખ્યાતા વર્ગ-૨, ગુજરાત આયુર્વેદ સેવાની ઉપરનાં સંવર્ગો પ્રાધ્યાપક વર્ગ-૧ અને રીડર વર્ગ-૧, ગુજરાત આયુર્વેદ સેવાની જગ્યાઓ પર ભરતી માટે આખરી પરિણામ હજુ જાહેર કરવામાં આવેલ નથી. આથી જો વ્યાખ્યાતા વર્ગ-૨ ની ભરતી પ્રક્રિયા પ્રથમ પૂર્ણ થાય તો જગ્યાઓ પુન: ખાલી પડવાની પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે છે.

આથી, આયોગે વ્યાખ્યાતા વર્ગ-૨ જા.ક્ર. ૫૫/૨૦૧૭-૧૮ અને જા.ક્ર. ૬૧/૨૦૧૭-૧૮ અન્વયેની રૂબરૂ મુલાકાત હાલ પુરતી મુલતવી રાખવાનો નિર્ણય કરેલ છે. આયોગ દ્વારા પ્રથમ રીડર વર્ગ-૧, ગુજરાત આયુર્વેદ સેવા અંતર્ગત રૂબરૂ મુલાકાતનું આયોજન કરવામાં આવશે અને ત્યારબાદ વ્યાખ્યાતા વર્ગ-૨, ગુજરાત આયુર્વેદ સેવાની જગ્યાઓ માટે રૂબરૂ મુલાકાત નું આયોજન કરવામાં આવશે. જેની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

તા.૨૯/૦૫/૨૦૧૮

ગાંધીનગર